**મે.બોડેલીના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. બોડેલી.**

**ફોજદારીડ મુકદ્દમા નંબર : ૭૭૭ / ૨૦૨૬**

**આંક :**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : **નિલેશભાઈ જગદીશભાઈ ઠક્કર**

રહે – કુબેર નગર સોસાયટી,બોડેલી, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

**ગુનો :** બી.એન.એસ ની કલમ–૨૮૫ મુજબ.

**આંક– ૧ લગત હુકમ**

**૧.** ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ તારીખ અને સમયે તેમના પોતાના કબજા ભોગવટા ની ફ્રુટ ની લારી અન્ય માણસોને તથા આવતા જતા વાહનો ને અડચણ રુપ થાય તે રીતે પોતાની ફ્રુટ ની લારી ઉભી રાખી પકડાઈ જઈ ઈ.પી.કોડ ની કલમ–૨૮૫ મુજબનો ગુનો કરેલ છે.

**૨.** આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં અને આરોપી આજરોજ રૂબરૂ નામ.કોર્ટ સમક્ષ હાજર રહેતાં તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની પુરસીસ રજુ કરી તથા આરોપીને આક્ષેપિત ગુના અંગે સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતનાં દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ અને આરોપીની પ્લી રેકોર્ડ કરતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ કરતો હોવાનું જણાવેલ છે. આમ, આરોપી તેની સામેનાં ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરતો હોય અને તે અંગે લેખિત કબુલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ પોતાની કબુલાત પુરસીસમાં જણાવે છે કે, તેનો પ્રથમ ગુનો છે, ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને હવે પછી આ પ્રકારનો ગુનો નહીં બને તેની તકેદારી રાખશે અને તેઓ ગરીબ વર્ગનાં માણસ છે, તેઓને તેઓનો ગુનો કબુલ છે અને તેઓની ઉપર રહેમ રાખવા વિનંતી કરેલ છે.આમ આરોપી પોતાની સામેનો ગુનો સ્વૈચ્છિક કબુલ કરતો હોય આરોપીની સ્વૈચ્છિક કબુલાતનો સ્વીકાર કરી , કેસની હકીકતો અને સં જોગોને ધ્યાને રાખી સદરહુ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ:**

**(૧)** આ કામનાં આરોપીને બી.એન.એસ ની કલમ–૨૮૫ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી રૂા. ૪૦૦ /– અંકે રૂપિયા ચારસો પુરાનો દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–ર ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૨૮ મી, માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી , સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૨૮ –૦૭ – ૨૦૨૬

સ્થળ.બોડેલી

( એસ.એન.ધાસુરા)

કોડ નં.જી.જે.૦૦૮૯૬

એડી. ચીફ જ્યુ.મેજી.બોડેલી.